# સાબરકાંઠાના સફાઈ અભિયાનમાં ૭ લાખથી વધુ લોકો જોડાયા

## જિલ્લામાં મહાત્મા ગાંધી સ્વચ્છતા બ્રિગેડનું લોન્ચિંગ : જન જન હવે સફાઈ અભિયાનમાં જોડાઇ શકે તે માટે મોબાઈલ એપ્લિકેશનનું લોન્ચિંગ : સ્વચ્છતાના સંદેશ આપતા કેલેન્ડરનું લોન્ચિંગ

હિંમતનગર, તા. ૨૩ મહાત્મા ગાંધીની પોરબંદરની પાવન પાવનભૂમિથી રાજયના મુખ્યમંત્રી ધ્વારા આરંભાયેલા સ્વચ્છતા મિશનની એક વિશ્વ વિક્રમની આંબતી ઘટના સાબરકાંઠાની હિંમતનગરના આંગણે આજે આકાર પામી હતી.

હિંમતનગરના ગ્રોમોર વિધાસંકુલ ખાતે સવારે ૮-૦૦ કલાકે યોજાયેલ સ્વચ્છતા મહાસફાઈ અભિયાનમાં જિલ્લાના ૧૮૯૦ સ્થળોએથી ૭ લાખથી વધુ લોકો સ્વચ્છતાના શપથ ગ્રહણ કરી સાબરકાંઠા જિલ્લાને સ્વચ્છ રાખવાની નેમ લીધી હતી.








આ -સંગે ઉપસ્થિત જિલ્લા -ભારી અને રાજય ગૃહ મંત્રી રજનીકાન્ત પટેલે જણાવ્યું હતું. પરદેશમાં સ્વચ્છતાએ સંસ્કૃતિમાં વણાઈ ગઈ છે. ભારતીય સંસ્કૃતિમાં જો નાગરીક સ્વચ્છ હશે તો દેશ સ્વચ્છ બનશે. મંત્રી જિલ્લા વહિવટીતંત્રના આ અનેરા અભિગમને બિરદાવતા કહ્યું હતું કે, સમગ્ર વિશ્વમાં કોઈ ઘટના ન ઘટી હોય તેવા મહાભિયાન થકી લોકોને જોડવાનું કામ કરવામાં આવ્યું છે.

કાર્યક્રમમાં સ્વાગત આવકાર આપતા જિલ્લા વિકાસ અધિકારી નાગરાજને જણાવ્યું છે કે, આ અગાઉ ૧,૨૨,૫૮૬ લોકોએ શપથ લઈ વિશ્વવિક્રમ નોધાવ્યો છે. પરંતુ સાબરકાંઠા જિલ્લાના ૭ લાખથી વધુ લોકો જોડાઈ નવો વિશ્વવિક્રમ કિર્તીમાન કરશે.

આ -સંગે જિલ્લા સમાહર્તા બંછાનિધિ પાનીએ સ્વચ્છતા અભિયાનનો મર્મ સમજાવાતા જણાવ્યું હતુ કે, આ સફાઈ કાર્યક્રમ નાગરીકે પોતાની અંગત જવાબદારી સમજી પોતાના ઘર શેરી, ફળીયું અને મહોલ્લો સ્વચ્છ રાખવો જોઈએ. અને સપ્તાહના બે કલાક સફાઈ માટે ફાળવવા અપીલ કરી હતી.

કાર્યક્રમમાં ઉપસથિત ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ પ્બલિક હેલ્થના ડાયરેકટર ડૉ. માલવંકરે જણાવ્યું હતું કે, સાબરકાંઠા જિલ્લાએ સ્વચ્છતાની પહેલ કરી છે જે અન્ય જિલ્લાઓ માટે -રણાદાયી સાબિત થશે.

આ મહાસફાઈ અભિયાનને સફળ બનાવવા તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા ટીમના બાગા ઉર્ફે તનમય વેકરીયા અને અબ્દુલ ઉર્ફે શરદ સાંખલાએ પોતના સિરીયલમાં આવતી ગોકુલધામ સોસાયટીની જેમ સાબરકાંઠા જિલલાને સ્વચ્છ રાખવા અપીલ કરી હતી.

જિલ્લામાં શહેર શહેરને સ્વચ્છ રાખવા મહાત્મા ગાંધી સ્વચ્છતા બ્રિગેડનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. જયારે તમામ નાગરીકો બારે માસ સ્વચ્છતાનો સંદેશ મળી રહે તે આશયથી સ્વચ્છતાની થીમ પર આધારીત કેલેન્ડરનું પણ વિમોચન મંત્રીના હસ્તે કરવામાં આવ્યું હતું.

મહાસફાઈ અભિયાનમાં હિંમતનગરના ધારાસચ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, સાબર ડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલ, સાબરકાંઠા બેંકના ચેરમેન મહેશભાઈ પટેલ, જિલ્લા પોલીસવડા -વિણ માલ, અધિક કલેકટર ધાનાણી, -ાંત અધિકારી વ્યાસ, મામલતદાર પથિક પટેલ, તાલુકા વિકાસ અધિકારી -જાપતિ, ચીફ ઓફિસર -ણવ પારેખ, ભૂસ્તરશાસ્ત્રી પટેલ સહિત અધિકારી અને પદાધિકારીઓ સહિત મોટી સંખ્યામાં નાગરીકો ઉપસથિત રહી શપથ ગ્રહણ કર્યા હતા.

### ૭ દિવસ પહેલા ગુમ થયેલ બાયડ તાલુકાના

# આંબાગામ ગામની માસુમ બાળકીનો મૃતદેહ મળ્યો

(સમીર બલોચ/જીતુ પટેલ) મોડાસા અરવલ્લી જિલ્લાના બાયડ





તાલુકાના આંબાગામ ગામેથી તા.૧૬ના રોજ ધો-૨માં અભ્યાસ કરતી ૮ વર્ષની એક માસુમ બાળકી સ્કુલ છુટયા પછી ઘરે ન પહોચતા ચિંતીત બન્યા હતા અને પોતાની ફુલ જેવી દિકરી ઘરે ના પહોચતા પરિવારજનોએ શોધખોળ આદરી હતી. દિકરીનો કયાંય પત્તોના લાગતા છેવટે તા.૧૭ના રોજ બાયડ પોલીસ મથકે બાળકી ગુમ થયાની ફરીયાદ નોધાઈ હતી. ત્યારે આજરોજ ગામમાં આવેલ તળાવમાંથી નગ્ન અવસ્થામાં આ ફુલ જેવી બાળકીની લાશ મળી આવતા પરિવારજનો પર આભ ફાટી પડે તેવી પરીસ્થીતી સર્જાઈ હતી.

બાયડથી આશરે ૬ કી.મી.ના અંતરે આવેલ આંબગામ ગામે આજથી ૬ દિવસ પહેલા ગામમાં જ અભ્યાસ કરતી ધો-૨ની આઠ વર્ષની માસુમ બાળા સ્કુલ છુટ્યા પછી ઘરે ન પહોચતા પરિવારજનો ધ્વારા બાયડ પોલીસ મથકે પોતાની વ્હાલ સોઈ દિકરી ગુમ થયાની ફરીયાદ નોધાવી હતી. ત્યારે આજે સવારે આ ગુમ થયેલ બાળકીની ગામ ના જ તળાવમાંથી નગ્ન અવસ્થામાં આ ફુલ જેવી બાળકીનો મૃતદેહ મળી આવતા સમગ્ર જિલ્લામાં આ ઘટનાને લઈને રોષની લાગણી ફેલાઈ હતી ત્યારે આ બાબતની જાણ બાયડ પી. એસ. આઈ. વિરલ પટેલને થતા તેઓ તાત્કાલીક પોતાની ટીમ સાથે ઘટના સ્થળ પર પહોચી ગયા હતા.

ઘટના સ્થઈ ઉપર પહોચી તેમણે એફ.એસ.એલ.,ડોગસ્કવોડને જાણ કરી હતી. ઉચ્ચ અધિકારીઓને પણ આ બાબતની જાણ થતા ડી.વાય.એસ.પી. બલોલીયા, જિલલા એલ.સી.બી. પી.આઈ. પી.કે.પટેલ સહિતનો કાફલો ઘટના સ્થળ ઉપર પહોચી ગયો હતો અને ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. એફ.એસ.એલ.ની ટીમ પાણી અને માટીના સેમ્પલ પણ લેવાયા હતા. કેસની કડી ઉકેલવા માટે ડોગ સ્કવોડની પણ મદદ લેવાઈ હતી. તળાવની બીજી બાજુથી આ બાળકીએ પહેરેલ સરવાલ, સ્કુલ બેગ મળી આવતા આ બાળકી સાથે કોઈ અઘટીત કૃત્ય ઘટયા હોવાની શકયતાને નકારી શકાય તેમ નહિ. માસુમ બાળાની નગ્ન અવસ્થામાં લાશ મળતા તો એવુ જ લાગી રહયુ છે ચોકકસ આ બાળા સાથે કોઈ અઘટિત કૃત્ય ઘટયુ હોય ત્યારે હાલ તો પોલીસ આ બાળાની લાશ બાયડ ખાતેના સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પોસ્ટ મોર્ટમ ખાતે મોકલી આપી હતી ત્યારે હવે પી.એમ રીપોર્ટ આવ્યા પછી દરેક રહસ્યો પરથી પડદા ઉચકાય તેવુ દેખાઈ રહયુ છે.

### ગુમ થયા પછીનો ઘટના ક્રમ

| | |
|---|---|
| તા.૧૬ | ના રોજ સ્કુલે થી છુટયા પછી બાળકી ગુમ થઈ |
| તા.૧૭ | ના રોજ પરિવારજનો એ બાયડ પોલીસ મથકે ફરીયાદ નોધાવી તપાસ બાયડ સી.પી.આઈ.ને સોપાઈ |
| તા. ૨૩ | ના રોજ તળાવના વાઘામાં ગ્રામજનોએ સવારે ૮ વાગે લાશ જોઈ |
| ૮:૧૫ | કલાકે બાયડ પોલીસને જાણ કરાઈ |
| ૮:૪૫ | કલાકે બાયડ પી.એસ.આઈ. વિરલ પટેલ સ્ટાફ સાથે ઘટના સ્થળે પહોચ્યા |
| ૯:૦૦ | કલાકે એફ.એસ.એલ. ટીમ અને ઉચ્ચ અધિકારીઓને જાણ કરાઈ |
| ૧૧:૦૦ | કલાકે એફ.એસ.એલ.ની ટીમ ઘટના સ્થળ ઉપર આવી પહોચી |
| ૧૧:૧૫ | કલાકે ડી.વાય.એસ.પી. અને જિલ્લા એલ.સી.બી. પી.આઈ. સહિતના ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળ ઉપર પહોચ્યા |
| ૧૨:૧૫ | કલાકે પંચો અને ના.મામલતદારની હાજરીમાં લાશ બહાર કઢાઈ |
| ૧૨:૩૦ | કલાકે લાશને પી.એમ. માટે બાયડ પી.એચ.સી. પર મોકલી આપવામાં આવી |

### ગાંધીનગર સમાચારમાં છપાયેલ અહેવાલની અરવલ્લી જીલ્લા કલેકટરે નોધ લઈ

# મોડાસામાં ઠંડીમાં ફુટપાથ પર વસવાટ કરતાં પરિવારોને શાળાના ઓરડા ફાળવી આપ્યા

(સમીર બલોચ / જીતુ પટેલ) મોડાસા, તા.૨૩ શિયાળાની આવી કડકડતી ઠંડીમાં અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં કેટલાય ઘર વિહોણા પરિવારો ખુલ્લામાં કે ફુટપાથ ઉપર પોતાનો રાતવાસો કરે છે ત્યારે આ પરિવારોની દયનિય હાલતને ગાંધીનગર સમાચારમાં બે દિવસ પહેલા પ્રકાશિત કરવામાં આવી હતી. ત્યારે મોડાસાના સર્વોદય નગર વિસ્તાર કોલેજ રોડ ઉપરના ફુટપાથ કે ખુલ્લી જગ્યાઓમાં આશરો મેળવી રહેલા પરિવારો આ શિયાળાની કડકડતી ઠંડીમાં ઠુઠવાઈ રહયા છે. ત્યારે આવા ઘર વિહોણા પરિવારજનોને જરૂરી આશરો આપવા બે દિવસ પહેલા ગાંધીનગર સમાચારમાં આ અંગેનો અહેવાલ પ્રદશિત કરવામાં આવ્યો હતો. એ અહેવાલની નોધ લઈ જિલ્લા કલેકટર બી. જે ભટ્ટે ઉપર આભ અને નીચે ધરતી ઉપર વસવાટ કરતાં પરિવારજનો માટે જિલલા કલકેટર બી. જે. ભટ્ટે આવા નિરાધાર પરિવારો માટે મોડાસાના ચાર રસ્તા ખાતેની પ્રાથમીક શાળામાં નંબર બે ના બે ઓરડાઓ ફાળવી આપવાનો આદેશ કર્યો હતો.


મોડાસામાં કેટલાય પરિવારો ફૂટપાથ પર ઠંડીમાં રાત વિતાવવા મજબૂર

જયારે આ અંગે જિલ્લા સમાહર્તા બી. જે. ભટ્ટે આવી રીતે ખુલ્લામાં વસવાટ કરતા પરીવારોના સર્વે માટે મોડાસા મામલતદાર અને તાલુકા પ્રાથમીક શિક્ષણાધિકારીને સર્વે હાથ ધરવાની જવાબદારી સોપાઈ હતી અને મામલતદાર અને તાલુકા પ્રાથમીક શિક્ષણાધિકારી ધ્વારા આ બાબતે તાત્કાલીક સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. જયારે જિલ્લા કલેકટરના આ નિર્ણયને મોડાસા વાસીઓએ બીરદાવ્યો હતો.

# વન વિભાગના અધિકારીઓની વેઠ કરાવવાની પ્રથા છતી થઈ

દાંડીવાડા, તા. ૨૩ અમીરગઢ વનવિભાગની હદમાંથી લાકડા ભરીને પાલનપુર સહેરમાં જયાંત્યા ટ્રાફિકને અંજામ આપતું ટ્રેકટર, લાકડા વન અધિકારીના ઘરે લઈ જવાતા હોવાનું ટ્રેક્ટર ડ્રાઈવરે કબુલ્યું હતું અને ત્યારબાદ બનાસ ડેરી રોડ પર બિન-વારસી હાલતમાં છોડી ડ્રાઈવર ફરાર થયો હતો અને સત્વરે ટ્રેકટરને મામલદાર પાલનપુરે કબજે લઈ ઘટી કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતીએ પાલનપુર સંજય ચોકમાં લાકડા ભરેલ ટ્રેકટર નંબર જીજે ૮ એ ઈ ૭૧૮૮ દ્વારા ટ્રાફિક જામ થયું હતું જયાં મીડિયા કર્મયો એકત્રિત થતા ટ્રેક્ટર ડ્રાઈવર કાળાભાઈ રહે ધનપુરાને પૂછતા તેને જણાવ્યું હતુકે સબંધ ખાતર લાકડા જંગલ વિભાગના ફોરેસ્ટરના ઘરે લઈ જઈ રહ્યો છુ અને ત્યાર બાદ ટ્રેકટરને બનાસ ડેરી રોડ પર આવેલ જાંજર રેસીડન્સી જોડે બિન-વારસી હાલતે છોડી દેવામાં આવ્યું હતું, અને જેના પગલે લાકડા ક્યાંથી લવાયા છે એ ચર્ચાનો વિસય બનવા પામ્યો હતો, અને કલાકો બાદ ટ્રેકટરની જાણ પાલનપુર મામલદાર ગીતાબેન દેશાઈને કરાતા ઘટના સ્થળે ઉદય ભાઈ સર્કલને મોકલી અપાયા હતા અને તેમને ટ્રેકટરને પોતાના ડ્રાઈવર દ્વારા મામલદાર ઓફિસેલેવડાવી દીધું હતું અને ટ્રેક્ટર કોનું છે ક્યાં લઈ જવામાં આવતું હતુ જે સમગ્ર માહિતી સાથે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેવું જણાવ્યું હતું.

# આવતીકાલે બનાસકાંઠામાં સ્વચ્છતા અભિયાન હાથ ધરાશે

પાલનપુર, તા. ૨૩ આવતીકાલ તા. ૨૫ ડિસેમ્બરના રોજ ભૂતપૂર્વ વડા-ધાનશ્રી અટલ બિહારી બાજપાઈજીના જન્મ દિવસને ગુડ ગવર્નન્સ ડે તથા શ્રમયોગી કલ્યાણ દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યા છે. આ દિવસે જીલ્લાના -જાજનોને વહીવટીતંત્રના -જાલક્ષી વહીવટ અને સુશાસન તેમજ સ્વચ્છ ભારત મિશન અંતર્ગત -તિકાત્મક રીતે બે કલાક શ્રમદાન કરવાનો સંદેશો પહોંચાડવાના હેતુથી સવારના ૯-૩૦ વાગ્યાથી ૧૦-૩૦ વાગ્યા સુધી જીલ્લામાં જાહેર સામુહીક સફાઈના કાર્યક્રમો હાથ ધરવા માટે કલેકટરશ્રી બનાસકાંઠા દ્વારા વહીવટીતંત્રને સુચનાઓ આપવામાં આવી છે. તેમજ સુદઢ આયોજન કરવામાં આવ્યુ છે. જે અંતર્ગત સમગ્ર જીલ્લામાં ગ્રામ્ય કક્ષા સુધી સવારે ૯-૩૦ વાગ્યાથી ૧૦-૩૦ વાગ્યા સુધી સામુહીક સફાઈના કાર્યક્રમો હાથ ધરવામાં આવશે.

પાલનપુર ખાતે સવારે ૯-૩૦ વાગે ગુરૂનાનક ચોકથી કિર્તીસ્થંભ સુધીના રોડ ઉપર સામુહિક સફાઈનો જીલ્લા કક્ષાનો મુખ્ય કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં મહાનુભાવો, તમામ પદાધિકારીશ્રીઓ, તમામ અધિકારીશ્રીઓ, કર્મચારીઓ, સ્વૈચ્છીક સંસ્થાઓ, એસોસીએશનો, વગેરેના પદાધિકારીશ્રીઓ અને -તિનિધીઓ ઉપસથિત રહી આ સુંદર કાર્યક્રમમાં જોડાશે.

જીલ્લાના તમામ તાલુકા મથકો, નગરપાલિકાઓ, અને ગ્રામ્ય વિસ્તારો સુધી સામુહિક સફાઈના કાર્યક્રમો યોજાશે. જેમાં તાલુકા મથક તથા નગરપાલિકાના કાર્યક્રમોના લાયઝન અધિકારી તરીકે સંબંધીત -ાન્ત અધિકારીશ્રી/મામલતદારશ્રી અને ગ્રામ્ય કક્ષાના કાર્યક્રમોના લાયઝન માટેના લાયઝન અધિકારી તરીકે સંબંધીત તાલુકાના તાલુકા વિકાસ અધિકારીશ્રી રહેશે.


સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન હેઠળ ઠેર ઠેર નાગરિકોએ સ્વચ્છતાના શપથ લીધા હતા. પ્રાંતિજ પોલીસસ્ટેશનમાં પણ પીઆઈ ભરતભાઈ પટેલે સ્વચ્છતા માટે પોલીસ કર્મીઓને તથા તે વિસ્તારના નાગરિકોને શપથ લેવડાવ્યા હતા. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

**રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ યોજના**

**ગ્રામ્ય જળ અને સ્વચ્છતા સમિતિ - ભીમગઢ, તાલુકો - લાખણી**

ભીમગઢ મુકામે સ્વજલધારા યોજના હેઠળ નીચે મુજબના કામો માટેના ભાવો માન્ય કોન્ટ્રાક્ટરો પાસેથી માંગવામાં આવે છે. કામની કુલ અંદાજીત રકમ કામની સામે દર્શાવેલ છે. કોરા ટેન્ડરો ગ્રામ્ય જળ અને સ્વચ્છતા સમિતિ, કુડા દ્વારા તા. ૨૭/૧૨/૨૦૧૪ સુધીમાં જરૂરી ટેન્ડર ફી, રજીસ્ટ્રેશન નકલ, રાષ્ટ્રીયકૃત બેંકનું સોલવંશી પ્રમાણપત્ર આપવાથી ઈસ્યુ કરવામાં આવશે અને ભાવ ભરી રજી.પો.એ.ડી.થી તા. ૩/૧/૨૦૧૫ સુધીમાં ગ્રામ્ય જળ અને સ્વચ્છતા સમિતિ - કુડા, તાલુકો - લાખણીને પરત મોકલવાના રહેશે. કરેલ કામગીરીનું ૯૦% ચુકવણું પાણી સમિતિ દ્વારા કરવામાં આવશે. બાકી રહેલ ૧૦% રકમનું ઓડીટ બાદ ચુકવણું કરવામાં આવશે. કોઈપણ જાતનું કારણ આપ્યા વગર આવેલ ભાવો પૈકી કોઈપણ ટેન્ડર મંજુર કરવા કે બધા જ ટેન્ડર રદ કરવાનો અબાધિત અધિકાર અધ્યક્ષશ્રી / યુનિટ મેનેજરશ્રીનો રહેશે. માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com

| અ. નં. | કામનું નામ | ૧) અંદાજીત રકમ ૨) ટેન્ડર ફી રૂ. ૩) શ્રેણી |
|---|---|---|
| ૧ | ભીમગઢ, તાલુકો : લાખણી સ્વજલધારા યોજના હેઠળ પાઈપલાઈનનું કામ | ૧) રૂ. ૪,૧૭,૧૨૩.૦૦ ૨) રૂ. ૬૦૦.૦૦ [redacted] |
| ૨ | ભીમગઢ, તાલુકો : લાખણી સ્વજલધારા [redacted] હેઠળ હવાડાનું કામ | [redacted] |

**રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ યોજના**

**ગ્રામ્ય જળ અને સ્વચ્છતા સમિતિ - કુડા, તાલુકો - લાખણી**

કુડા મુકામે સ્વજલધારા યોજના હેઠળ નીચે મુજબના કામો માટેના ભાવો માન્ય કોન્ટ્રાક્ટરો પાસેથી માંગવામાં આવે છે. કામની કુલ અંદાજીત રકમ કામની સામે દર્શાવેલ છે. કોરા ટેન્ડરો ગ્રામ્ય જળ અને સ્વચ્છતા સમિતિ, કુડા દ્વારા તા. ૨૯/૧૨/૨૦૧૪ સુધીમાં જરૂરી ટેન્ડર ફી, રજીસ્ટ્રેશન નકલ, રાષ્ટ્રીયકૃત બેંકનું સોલવંશી પ્રમાણપત્ર આપવાથી ઈસ્યુ કરવામાં આવશે અને ભાવ ભરી રજી.પો.એ.ડી.થી તા. ૫/૧/૨૦૧૫ સુધીમાં ગ્રામ્ય જળ અને સ્વચ્છતા સમિતિ - કુડા, તાલુકો - લાખણીને પરત મોકલવાના રહેશે. કરેલ કામગીરીનું ૯૦% ચુકવણું પાણી સમિતિ દ્વારા કરવામાં આવશે. બાકી રહેલ ૧૦% રકમનું ઓડીટ બાદ ચુકવણું કરવામાં આવશે. કોઈપણ જાતનું કારણ આપ્યા વગર આવેલ ભાવો પૈકી કોઈપણ ટેન્ડર મંજુર કરવા કે બધા જ ટેન્ડર રદ કરવાનો અબાધિત અધિકાર અધ્યક્ષશ્રી / યુનિટ મેનેજરશ્રીનો રહેશે. માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com

| અ. નં. | કામનું નામ | ૧) અંદાજીત રકમ ૨) ટેન્ડર ફી રૂ. ૩) શ્રેણી |
|---|---|---|
| ૧ | કુડા, તાલુકો : લાખણી સ્વજલધારા યોજના હેઠળ પાઈપલાઈનનું કામ | ૧) રૂ. ૫,૩૧,૨૭૯.૦૦ ૨) રૂ. ૬૦૦.૦૦ [redacted] |
| [redacted] | | |

સ્વચ્છ[redacted]